રાજ્યનાં આંગણવાડી કાર્યકરો, તેડાગરો અને મીની આંગણવાડીના કાર્યકરોના માનદ વેતનમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૬/૨૧૭૬/બ.૧

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૧/03/૨૦૨૦

વંચાણે લીધા:

1. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકારના તા.૨૦-૦૯-૨૦૧૮ના પત્ર ક્રમાંક;૧૧-૩૬/૨૦૧૬-સીડી-I
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૧/03/૨૦૧૯નો સમાન ક્રમાંકનો ઠરાવ.

//ઠરાવ//

વંચાણે લીધા (૧) અને (૨)ના અનુક્રમે પત્ર અને ઠરાવથી આંગણવાડી કાર્યકરોને રૂ.૭૨૦૦/-, આંગણવાડી તેડાગરોને રૂ.૩૬૫૦ અને મીની આંગણવાડી કાર્યકરોને રૂ.૪૧૦૦/- માનદ વેતન નક્કી કરવામાં આવેલ હતું. પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી દ્વારા માનદ વેતનમાં વધારો કરીને નીચે મુજબનું માનદ વેતન નિયત કરવાનું ઠરાવવામાં આવે છે:

| આંગણવાડીના માનદકર્મી | હાલનું માનદ વેતન | | કુલ | માનદ વેતનમાં વધારો(૧૦૦%) રાજ્યનો ફાળો | માર્ચ પેઈડ એપ્રિલ ૨૦૨૦ થી મળનાર માનદ વેતન | | |
|---|---|---|---|---|---|---|---|
| | કેંદ્રનો ફાળો | રાજ્યનો ફાળો | | | કેંદ્રનો ફાળો | રાજ્યનો ફાળો | કુલ |
| આંગણવાડી કાર્યકર | ૪૫૦૦ | ૨૭૦૦ | ૭૨૦૦ | ૬૦૦ | ૪૫૦૦ | ૩૩૦૦ | ૭૮૦૦ |
| આંગણવાડી તેડાગર | ૨૨૫૦ | ૧૪૦૦ | ૩૬૫૦ | ૩૦૦ | ૨૨૫૦ | ૧૭૦૦ | ૩૯૫૦ |
| મીની આંગણવાડી કાર્યકર | ૩૫૦૦ | ૬૦૦ | ૪૧૦૦ | ૩૦૦ | ૩૫૦૦ | ૯૦૦ | ૪૪૦૦ |

૨. માર્ચ-૨૦૧૯ થી ફેબ્રુઆરી-૨૦૨૦ સુધીના એરીયર્સની રકમ ત્રણ હપ્તામાં ચુકવવાની રહેશે. પ્રથમ દ્વિતીય અને તૃતીય એરીયર્સની ચુકવણી અનુક્રમે મે-૨૦૨૦, સપ્ટેમ્બર-૨૦૨૦ અને જાન્યુઆરી-૨૦૨૧ માં કરવાની રહેશે.

૩. આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૧ બજેટ સદરે કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૧/૦૩/૨૦૨૦ અને સરકારશ્રીની તા.૧૭/૦૩/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર.
3. માન.મંત્રીશ્રી (મ.બા.ક)ના અંગતા સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. માન. રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક)ના અગંતસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
5. મુખ્યસચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
6. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. સચિવશ્રી (આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

9. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
10. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
11. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
12. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ......................
13. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ......................
14. વિભાગીય નાયબ નિયામકશ્રી, રાજકોટ/અમદાવાદ/વડોદરા/સુરત.
15. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ), જિલ્લા પંચાયત, જિ..................
16. પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ), સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશન................
17. એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
18. સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
19. પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
20. વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ શાખાઓ.
21. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર – વેબસાઈટ પર મુકવા સારુ.
22. નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
23. શાખા સિલેક્ટ ફાઈલ.